# અંતરમેળ



કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, મુંબઈ

જાન્યુઆરી- એપ્રિલ ૨૦૧૦ વર્ષ ૩ અંક ૧ પૃષ્ઠ ૮ રૂ.૨/-


## સૌંદર્ય એ કદીપણ કાળબદ્ધ નથી હોતું

દુનિયાના આ ભાગમાં વરસાદ વધુ વરસતો નથી. વર્ષ દરમિયાન લગભગ ૧૫ થી ૨૦ ઈંચ જેટલો વરસાદ પડે છે. આ વરસાદનું અહીં ઘણું સ્વાગત અને માન છે. કારણકે પછી વર્ષભર વરસાદ હોતો નથી. તે સમયે પર્વતો પર બરફ હોય છે. શરદ ઋતુ અને ઉનાળામાં તે બોડિયા અને વેરાન બની જાય છે. ગરમીથી તપ્ત ખડકાળ અને ભેંકાર લાગે છે. ફક્ત વસંત ઋતુમાં તે સૌમ્ય સ્વાગત કરતા લાગે છે. ત્યાં આગળ રીંછ, હરણ, રાની બિલાડા, લાવા પક્ષી અને અનેક સાપ હોય છે. પણ હમણાં તે બધા અદશ્ય બની ગયા છે. કારણકે ભયાનક માનવીનું અતિક્રમણ થઇ રહ્યું છે. હાલમાં થોડો વરસાદ વરસી ગયો હતો અને ખીણમાં હરિયાળી ફેલાઇ ગઇ હતી. સંતરાના ઝાડને ફૂલ અને ફળો આવ્યા હતા. તે ઘણી સુંદર ખીણ ગામડાથી ખાસી દૂર હતી, કબૂતરનો વિશાદમય અવાજ સંભળાતો હતો. વાતાવરણ ધીરે ધીરે સંતરાની સુગંધથી ભરાઇ રહ્યું હતું. સૂર્યના હુંફાળા અને હવા વિનાના વાતાવરણમાં તે વધુ તીવ્ર બનશે. તે ખીણ ચારે બાજુએથી ડુંગરો અને પહાડથી ઘેરાયેલી હતી; ડુંગરાની પેલે પાર દરિયો હતો. પહાડથી પેલે પાર રણ હતું. ઉનાળામાં સહન ના થાય એવી ગરમી પડે છે. પણ ત્યાં સૌંદર્ય સદા રમતું હતું. તે પાગલ જેવા લોકોના ટોળા અને તેમના શહેરથી ઘણું દૂર હતું. રાતના સમયે ત્યાં અદ્ભૂત એવી મનને ભેદતી શાંતિ હોય છે. સૌંદર્યના કારણે પ્રત્યેક પાન ડાળી બોલી ઉઠયા હતા. પ્રયત્નપૂર્વક કરવામાં આવતું ધ્યાન સૌંદર્યની અવહેલના કરે છે અને ઉંચા કાળા સરુના વૃક્ષ પણ એ શાંતિમાં શાંત હતા. ગાંઠ ગાંઠ વાળા મરીના વૃક્ષ તે શાંતિમાં ઓતપ્રોત હતા.



તમે આનંદને આમંત્રી શકો નહીં કે બોલાવી પણ નહીં શકો; કારણકે એમ કરવાથી તે સુખનું સાધન થઇ જાય છે. સુખ એ વિચારનો વ્યવહાર છે. અને વિચાર કદી પણ કોઈપણ પ્રકારે આનંદનો ઉછેર કરી શકે નહીં. જે કંઇ આનંદદાયી છે, એનો પીછો કરવાથી ફક્ત તેની સ્મૃતિ જ હાથ લાગે છે, અને તે મૃત વસ્તુ હોય છે. સૌંદર્યને સમયમાં બાંધી ના શકાય. તે પૂર્ણપણે સમય અને સંસ્કૃતિથી મુક્ત છે. જ્યારે ‘સ્વ’ની ઉપસ્થિત ના હોય ત્યારે સૌંદર્ય હોય છે. ‘સ્વ’ એ સમય, જ્ઞાન અને વિચારનું સંસ્કરણ છે. ‘સ્વ’ના ત્યાગમાં સંપૂર્ણ અવધાનમાં સૌંદર્યનું હાર્દ છે. ‘સ્વ’નો, અહંનો ત્યાગ એ ગણત્રીપૂર્વક કરવામાં આવતું કાર્ય નથી. તે ઈચ્છા કે સંકલ્પ નથી. ઈચ્છાને દિશા હોય છે અને તે અવરોધક છે. વિભાજન કરે છે તેથી ત્યાં ઘર્ષણ ઉદ્ભવે છે. ‘સ્વ’ વિશેનું જ્ઞાન એકત્ર કરવાથી ‘સ્વ’ નો લય થતો નથી. ત્યાં સમયને કોઈ સ્થાન નથી. સ્વના લય માટે કોઈ માર્ગ કે પદ્ધતિ નથી. સંપૂર્ણપણે આંતરિક નિષ્ક્રિયતા એજ સૌંદર્ય માટેનું સકારાત્મક અવધાન છે.

તમે એકબીજાં સાથે સંકળાયેલી કૃતિની વિશાળ જાળ વણી છે અને તેની અંદર તમે ફસાયેલા છો. તમારું મન સંસ્કારબદ્ધ થયેલું છે અને અંદરથી તમે તે જ પ્રમાણે કાર્યરત છો. ધ્યેયની પ્રાપ્તિ મહત્ત્વની બની જાય છે અને તે ઉત્કટ આવેશની ગતિ હજી પણ તે ‘સ્વ’નું જ હાડપિંજર છે. તે માટે જ તમે તમારા ગુરુ, તમારા ઉદ્ધારક, તમારી માન્યતા અને આદર્શોને અનુસરો છો. શ્રદ્ધા, આંતરિક અવધાનનું પ્રજ્ઞાનું સ્થાન લઇ લે છે. જ્યારે ‘સ્વ’નું અસ્તિત્વ નથી ત્યારે પ્રાર્થના કરનાર તેમજ ધાર્મિક વિધિ વિધાનની જરૂર નથી હોતી. તમારા ખાલી હાડપિંજરને તમે જ્ઞાનથી, પ્રતિકો અને પ્રતિમા તેમજ અર્થહીન કાર્યથી ભરી દો છો અને ‘સ્વ’ને જીવંત રાખો છો.

મનની અગાધ શાંતિમાં શાશ્વત સૌંદર્ય, બોલાવ્યા વગર, શોધ્યા વગર, ઓળખના અભાવ વગર તે ત્યાં પ્રવેશે છે.

*કૃષ્ણમૂર્તિની નોંધપોથી, પ્ર. ૪૧, ૮ એપ્રિલ, ૧૯૭૫*

જો તમે ‘જે છે’ તેને નિહાળો તો તમે વિશ્વને નિહાળો છો. અને ‘જે છે’ તેને નકારો તો તે સંઘર્ષનું મૂળ છે. વિશ્વનું સૌંદર્ય ‘જે છે’તેમાં જ છે. અને ‘જે છે’ તેની સાથે રહેવું એ સદ્ગુણ છે.

*ત્યારે જીવવું શી રીતે ?*

## સંપાદકીય

સુંદર શાને કહેવું ? સૌંદર્ય એટલે શું ? સૌંદર્યની વ્યાખ્યા કરવી એ ભૂલ છે. ભાવનાત્મક નામે કોઇ જ વ્યાખ્યા ન હોય. કારણકે તેને કોઇ શબ્દોમાં બાંધી શકાય કે પકડી શકાય એવું નથી એ સમજાવું જોઇએ. સૌંદર્ય એ મનની માનસિક અવસ્થા છે. નિર્વિકલ્પ મન સુંદર હોય છે. અને સૌંદર્યની સમજણ અને ઓળખ એવા નિર્વિકલ્પ મનને જ થાય જગતમાં અનેક બાબતો છે તેના ઉપર પ્રકાશ પડવાથી તે દેખા દે છે. તેમજ સંવેદનશીલ મનની આભામાંજ સૌંદર્યનો સાક્ષાત્કાર થાય છે.

ઘણા ઊંડા ઉતરીએ એ પહેલાં એક સાદો અનુભવ જોઇએ. આપણે જ્યારે ભયગ્રસ્ત હોઇએ કે ઈર્ષાથી, ગુસ્સાથી અભાન બની જઇએ છીએ ત્યારે તે અવસ્થામાં ફૂલની સુંદરતા આપણને દેખાતી નથી, શું દેખાય ખરી ? સૌંદર્ય નિહાળવા માટે જેની અંદર કોઇપણ પ્રકારનો સંશય કે આક્રોશ ન હોય એવું મુક્ત મન હોવું જોઇએ. બાહ્ય પ્રકાશ અંધકાર, અવાજ, નિ:શબ્દતા, હવાનું હલનચલન તેની સ્થિરતા એવા મનમાં સહજપણે મુક્ત પ્રવેશ કરે છે. આવી ક્ષણોમાં સામે દેખાતી કલાકૃતિમાં રહેલું સૌંદર્ય દેખા દે છે. કુદરતે તેના દરવાજા ખોલી આપણી સમક્ષ સુંદર ફૂલોથી આચ્છાદિત વૃક્ષવેલીઓ, સુંદર પર્વતના શિખર, ઝરમર વરસતા વરસાદનાં ફોરા, ઝર ઝર ઝરતાં ઝરણાં, નદી, ઘૂઘવતો સાગર અને તેમાં ઊઠતા મોજા, ભરતી, ઓટ, એવી અગણિત વસ્તુ મુકેલી છે. પણ આ બધાને જોવા માટે મનની આવશ્યકતા છે. ભલે સુંદર વસ્તુ, કલાકૃતિ, કલાકાર એ સુંદરતાના નિમિત હોઇ શકે. છતાંપણ જેને આપણે સૌંદર્ય કહીએ છીએ તે સૌંદર્યનો આધાર આ બધી બાબતો પર નથી.

કલા એ સર્જનશીલ મનના શબ્દોમાં, ચિત્રોમાં પ્રગટે છે. જેને સહજ સર્જનશીલતા પ્રાપ્ત થઇ હોય તો આજુબાજુની વસ્તુ અને વાતાવરણથી પોતાની કલાકૃતિની ગુણવત્તામાં વધારો કરી શકે. પરંતુ જે શબ્દો દ્વારા, કલાકૃતિ કે ચિત્રમાં પ્રગટ થતી ન હોય એવી સુપ્ત સર્જનશીલતા ધરાવતું મન પણ હોય છે. તે તમારા મારા જેવા સામાન્ય ગણાતા મનુષ્યમાં પણ રહેલું છે. તે કવિતા વિનાનું કવિ મન છે. જેમાં સૌંદર્યની અનુભૂતિ છે. તેમાં કલાકૃતિ તેનાથી ઉદ્‌ભવતી પ્રતિષ્ઠા, પૈસા એ બધા સાથે તેને કંઇ જ નિસ્બત નથી.

સૌંદર્યની ભાવનાનો ઉગમ માનવી મનમાં થયો હોવો જોઇએ. ઉત્ક્રાંત માનવી મનને સૌંદર્યના આનંદની જાણકારી થઇ હોવી જોઇએ. તે અભિપ્રેત આનંદને માનવી વિચારોએ નામાકરણ કર્યું. આકાશમાં ઉડતા પક્ષીઓ ઉડવામાં મશગુલ હોય છે. તેની પાસે તેના અનુભવોને માંડવા માટે શબ્દો નથી. કારણકે તેઓની ભીતર અનુભવ કરનાર (કેન્દ્ર) નથી. ક્યાંક કૃષ્ણમૂર્તિ એવું પૂછે છે કે ''જ્યાં દ્રષ્ટાનું અસ્તિત્વ ન હોય ત્યારે જ ત્યાં સૌંદર્ય હોય છે ?''

જ્યારે દ્રષ્ટા પ્રભાવિત થાય છે ત્યારે તે સૌંદર્યને પકડી રાખવાનો પ્રયત્ન કરે છે. ત્યારે લાલસા, ઈર્ષા, વાસનાનું નિર્માણ થાય છે અને ત્યારે સૌંદર્ય નષ્ટ થાય છે. સુંદર દશ્યને જોતા તેને છબીમાં પકડી લેવાની ઇચ્છા પ્રગટે છે ત્યારે તે દશ્યની સુંદરતા જોતાં મનનું અસ્તિત્વ રહેતું નથી. કરોડો રૂપિયાની કલાકૃતિનો વ્યાપાર અને લિલામ થાય છે. સૌંદર્ય જ્યારે ઉપભોગની વસ્તુ બની જાય છે ત્યારે ત્યાં સૌંદર્યની ઉપસ્થિતિ નથી રહેતી. સુંદર ગાયન ગાતો ગાયક પોતાની ગાયકીમાં તલ્લીન હોય છે. અને સાંભળનારા પણ તેમાં તન્મય થઇ સાંભળતા હોય છે. ત્યારે બંનેની તન્મયતાનું સ્તર એક જ હોય છે. ત્યાં ઉપભોગ નથી હોતો. ફક્ત સૌંદર્ય હોય છે. ત્યાં પ્રતિસાદની, પરિણામની ગૌરવની અપેક્ષા નથી રહેતી. ધ્યાન મગ્ન બની સૌંદર્યમાં નહાતું દિવ્ય મન હોય છે.

જ્યારે 'હું'ની સીમા અદશ્ય થાય છે ત્યારે જોનાર દ્રષ્ટા નિષ્પ્રભ થાય છે. નિસર્ગના સાનિધ્યમાં આવી સંધિ ઉદ્‌ભવી શકે. આપણે જ્યારે સમુદ્ર કિનારે ઊભા હોઇએ. કલ્પના ના કરી શકીએ એટલું અગાધ વારિ (પાણી) દૂર દૂર વાદળી આકાશ અને ધરતી આકાશના મિલન સમી દેખાતી ક્ષિતિજ ત્યારે મનની સીમા અદશ્ય થતી ભાસે છે. ત્યારે સૌંદર્ય ત્યાં ઉપસ્થિત છે. રસ્તાના કિનારે ઉગી નીકળેલા રાનફૂલ પર નજર પડે છે, તેની કોમળ પાંખડી, વિલક્ષણ એવા રંગનું મિશ્રણ તેની નજાકત ને નિહાળે છે. ત્યારે ત્યાં દ્રષ્ટા અદશ્ય થાય છે. તે એક બક્ષિશ છે. ત્યાં સૌંદર્ય સિવાય કશું જ નથી.

કૃષ્ણમૂર્તિ એ એક સુંદર પ્રશ્ન પૂછયો છે કે ''શું મનની કોઇ એવી અવસ્થા હોઇ શકે જેને સુંદર કહી શકાય. જે પ્રતિક્રિયાનો નિષ્કર્ષ ન હોય ?'' આ પ્રશ્નને સુંદર કહેવો કે કેમ એ કહેવું કઠિન છે. કદાચિત, નિરાગસ, નિષ્કર્ષવિહીન મનની ઝલક હોય.

આ સુંદરતાના પ્રશ્નનો ઉત્તર આપણી પાસે ન હોય પણ તે પ્રશ્ન સાથે કૃષ્ણમૂર્તિની સોબતમાં આ અંકમાં પ્રવાસ કરવાનો પ્રયત્ન છે.

## સત્યનું સૌંદર્ય અને પાષાણનું સૌંદર્ય આ બન્ને ભિન્ન બાબત છે

ધર્મ એ અંધશ્રદ્ધા, મૂર્તિપૂજા, માન્યતા અને ધાર્મિક ક્રિયાકાંડ વગેરે બની ગયો છે. ધર્મે સત્યના સૌંદર્યને ગુમાવી દીધું છે. ધૂપસળીએ વાસ્તવિકતાની જગ્યા લીધી છે. પ્રત્યક્ષ જ્ઞાનને બદલે તેનું સ્થાન હાથે ઘડેલી કે મનથી ઊભી કરેલી મૂર્તિએ લઇ લીધું છે. ધર્મને નિસ્બત છે મનુષ્યના સમગ્ર પરિવર્તન સાથે, ધર્મને નામે ચાલી રહેલું આ સર્કસ નરી મૂર્ખતા છે. માટે જ કેટલું પણ સુંદર મંદિર, મસ્જિદ કે દેવળ હોય ત્યાં સત્ય જડતું નથી. સત્યનું સૌંદર્ય અને પાષાણનું સૌંદર્ય એ બન્ને ભિન્ન છે. એક અમાપ એવા અનંતના દ્વાર ખોલે છે અને બીજું મનુષ્ય માટે કેદનો દરવાજો ખોલે છે. એક મુક્તિ છે જ્યારે બીજું વિચારોનું બંધન છે. શૃંગાર, રોમાંચ અને લાગણીશીલતા એ બંને બાબત ધર્મના સાચા સ્વરૂપને નકારે છે. તેમજ ધર્મ એ બુદ્ધિનો ખેલ નથી. કાર્યના ક્ષેત્રમાં દક્ષતાપૂર્વક કાર્ય કરવા માટે જ્ઞાનની આવશ્યકતા છે. પરંતુ જ્ઞાન મનુષ્યના સમગ્ર પરિવર્તન માટેનું સાધન નથી. જ્ઞાન એ વિચારોનું માળખું છે અને વિચાર એ જ્ઞાનનું નિરસતા ભરેલું રટણ માત્ર છે. એ પછી ગમે તેટલું સુધારાવાળું કે વિશાળ હોય. વિચાર અને જ્ઞાનના રસ્તે મુક્તિ સંભવિત નથી.

સત્યના સૌંદર્ય અને તેની વેધકતા અંધશ્રદ્ધા ભરેલી માન્યતામાં નથી. મનુષ્ય શોધી શકે એવા સ્થાનમાં તે હોતું નથી. તેના સૌંદર્ય માટે કોઇ રાહ નથી. તે કોઇ સ્થિર બિન્દુ નથી. તેના આશ્રયસ્થાનવાળું કોઇ સ્વર્ગ નથી. તેની મૃદુતા, તેનો પ્રેમ માપી ના શકાય કે તેને ધારણ ના કરી શકાય કે તેનો અનુભવ લઇ શકાય. તેનું કોઇ બજાર નથી કે મૂલ્ય નથી. તે વાપરીને બાજુ પર મૂકી શકાય એવી વસ્તુ નથી. જ્યારે હૃદય અને મન વિચારોથી ભરેલી વસ્તુથી ખાલી હોય છે ત્યારે તે સૌંદર્ય ત્યાં હોય છે. સાધુ કે ગરીબ મનુષ્ય તેની નજીક હોય એમ નથી. ના તો શ્રીમંત કે પ્રખર બુદ્ધિમાન કે કુદરતનો કૃપાવંત તેનો સ્પર્શ કરી શકે. જે કોઇ કહે હું સત્ય જાણું છું તે કદી પણ સત્યની નજીક નથી હોતો. જગતમાં જ રહી જગતને અળગુ રાખો.

*કૃષ્ણમૂર્તિની રોજનીશી,* પ્ર.૧૩, ૨૭ સપ્ટેમ્બર, ૧૯૭૩

# સૌંદર્યનો આપણા દૈનિક જીવન સાથે શું સંબધ છે ?

આપણે સાથે મળીને સત્ય એટલે શું એનું દર્શન કરવું જોઇએ તેમ જ અસત્ય એટલે શું. સત્ય અને અસત્ય વિશે આપણને કોઇ કહે એની આવશ્યકતા નથી કે અજ્ઞાન શું છે અને જ્ઞાન શું છે. આ ભયાનક એવા શહેરમાં લોકોથી ઉભરાતી બસ અને ટ્રેનમાં પ્રવાસ કરતા, નાની એવી સાંકડી જગ્યામાં રહેતા. આખો વખત કામ કરતા. આપણને આપણા સ્વયં માટે એક શાંત એવી જગ્યા શોધવી જોઇએ. ઘરમાં કે બગીચા નહીં કે પછી કોઇ શાંત શેરીમાં નહીં. પરંતુ આપણી ભીતર એવી જગ્યા નિર્માણ કરવી જોઇએ. અને ત્યાંથી શરુઆત કરવી જોઇએ અને સ્વયંને માટે એ શોધી કાઢવું જોઇએ કે સૌંદર્ય શું છે, સમય શું છે. ભયની હાલચાલ અને ભયનો સ્વભાવ, આનંદની પાછળ પડવું અને દુ:ખનો અંત આ બધાની શોધ માટે આપણી ભીતર આવો એક શાંત ખૂણો હોવો જોઇએ તે જગ્યા કે ખૂણો આપણા મનમાં નહીં પણ આપણા હૃદયમાં હોવો જોઇએ. કારણકે ત્યાં પ્રેમ, લાગણી, બુદ્ધિ અને સમજણનું આકલન હોય છે. અને ત્યારે સ્પષ્ટતા આવે છે. અને ત્યાંથી કર્મ નિહીત થાય છે. પરંતુ આપણામાંથી મોટા ભાગના લોકો સંઘર્ષ તાણ અને દબાણમાં જીવન જીવતા હોય છે. જો આપણે આપણી ભીતર આવા અવકાશને શોધી ના શકીએ કે જે વિચાર થકી ઉદ્‌ભવ્યો ના હોય, અસ્પષ્ટ અને પ્રદુષિત ના હોય ત્યાં આગળ જ્યોતિ હોય છે. જે જ્યોતિ અન્ય કોઇએ પ્રગટાવેલી નથી. તે આપણા સ્વયંની પ્રગટાવેલી જ્યોતિ છે. તેથી આપણે ત્યાં પૂર્ણપણે મુક્ત હોઇએ છીએ, આપણે મુક્ત માનવી નથી. આપણે માનીએ છીએ કે આપણે મુક્ત છીએ, આપણે માનીએ છીએ કે આપણે પસંદગી કરી શકીએ છીએ. આપણને ગમે તે કરી શકીએ છીએ માટે આપણે મુક્ત છીએ, પણ મુક્તિ ગમે તે કરવાની ઇચ્છાથી તદ્દન ભિન્ન બાબત છે. માટે આપણે કોઇની મદદ વગર, કોઇના માર્ગદર્શન વગર કોઇપણ બાહ્ય સંસ્થા આપણે શું કરવું આપણે કેવો વ્યવહાર કરવો સાચું કર્મ શું છે એવા માર્ગદર્શન વિના આપણે આપણા સ્વયં માટે આપણે સાથે મળી એ શોધી કાઢવું જોઇએ કે આપણે શું કરવું જોઇએ. આપણે કેવો વ્યવહાર કરવો જોઇએ. યોગ્ય કર્મ શું છે એની શોધ માટે આપણી ભીતર એવી એક જગ્યા શોધવી જોઇએ કે જેની કોઇ શરુઆત કે કોઇ અંત ન હોય.

સર્વ પ્રથમ સૌંદર્ય એટલે શું ? તમે પૂછશો કે આપણા નિત્ય જીવન સાથે તેનો શું સંબંધ છે. આપણું દૈનિક જીવન કેટલું કુરૂપ, ઘર્ષણ ભરેલું દુ:ખી અને ચિંતામય સ્વકેન્દ્રિત અને એકલતા ભરેલું છે. એ સમજવા માટે આપણી અંદર સૂક્ષ્મ સૂઝ હોવી જોઇએ, પ્રત્યક્ષપણે જોવાની દૃષ્ટિ હોવી જોઇએ. આપણા જીવનમાં સમય એક ઘટક છે. આપણે સમય શું છે તે સમજવાનો પ્રયાસ કરીએ છીએ. આપણા જીવનમાં સમયની શું ભૂમિકા છે. શું સમય વિભાજન કરતી પ્રક્રિયા છે. સમયને શરૂઆત છે અને અંત છે, જેમાં કંઇક બનવાની પ્રક્રિયા રહેલી છે. શું તે કાલક્રમ પ્રમાણેના સમયથી અલગ છે ? તે કાળ સૂર્યોદય અને સૂર્યાસ્ત ના સમયથી ભિન્ન છે ? પૂર્ણિમાના ચંદ્રનું સૌંદર્ય અને અમાસ નવા ચન્દ્રની રેખાનું સૌંદર્ય આ બધાથી ભિન્ન એવો સમય. સમયનો માર્ગ સૌંદર્યમય કે સૌંદર્ય રહિત છે કે નથી તેની સમજણ પ્રાપ્ત કરવી એ આપણા માટે મહત્ત્વનું છે. કારણકે આપણે નૈસર્ગિક જીવનની સંવેદના ખોઇ નાખી છે. આપણે નૈસર્ગિક સૌંદર્યની સંવેદના ગુમાવી દીધી છે. કોઇ ચહેરાની સુંદરતા કે સુંદર વસ્ત્રોની અભિરૂચી વગેરે એવું બધું નહીં. પરંતુ સૌંદર્યની ગુણવતા ધરાવતું મૂળ તત્વ સૌંદર્યનું અસ્તિત્વ જીવન વિના નથી. સૌંદર્ય સમય આધિન નથી. સર્જનશીલતા સમયને આધિન નથી.

*Mind Without Measure*, મુંબઈ ૧૯૮૩, વાર્તાલાપ ૩

# તે નાદ જ માનવ હૃદયના દ્વારા અશ્રુ અને સૌંદર્ય માટે ખુલ્લા કરે છે

આટલી વહેલી સવારે પણ સૂર્ય ઘણો તપેલો અને ઉગ્ર લાગતો હતો. જરા જેટલી પણ હવાની લહેર વર્તાતી નહતી એક પાંદડું પણ હાલતું ન હતું. એક જૂના પુરાણા મંદિરમાં ઠંડક ભરેલી પ્રસન્નતા અનુભવાતી હતી. ખુલ્લા પગને પથ્થરની શિલાનું ખરબચડાપણું અને તેના વાંકાચૂકા આકારનો અહેસાસ થતો હતો. હજારો વર્ષો હજારો લોકો તેના પરથી ચાલ્યા હશે. પ્રાત:કાળના સૂર્યની આભા પછી  ત્યાં અંધકાર હતો. તે સવારે મંદિરની પરસાળમાં ઘણાં ઓછા લોકો નજરે પડતા હતા. અને મંદિરના સાંકડા માર્ગમાં ઘણો અંધકાર હતો. તે માર્ગ પહોળા માર્ગમાં થઇ મંદિરના ગભારા તરફ જતો હતો. સૈકા જૂની ફૂલોની સુગંધ અને ધૂપસળીની તીવ્ર સુગંધ અનુભવાતી હતી અને સો જેટલા બ્રાહ્મણો તાજા સ્નાન કરેલા શ્વેત પંચામાં બેસી સુમધુર સ્વરમાં મંત્રોચ્ચાર કરતા હતા. સંસ્કૃત નાદપૂર્ણ અતિ પ્રાચીન અને પ્રભાવશાળી ભાષા છે. સેંકડો લોકોના મંત્રોચ્ચારને કારણે પ્રાચીન દીવાલો ગુંજી રહી હતી કહો કે ધ્રુજી રહી હતી તે નાદની ભવ્યતા અવર્ણનીય અને તે ક્ષણો પાવનકારી અને શબ્દાતીત હતી. આ અનન્યતા એ શબ્દો થકી જાગ્રત થઇ ન હતી, પણ તેની ગહનતા હજારો વર્ષોથી આ દીવાલોએ ઝીલેલા નાદબ્રહ્મના કારણે હતી તેની પાર અમર્યાદિત રહેલા અવકાશને કારણે આવી હતી. એ શબ્દોના અર્થને કારણે ન હતી, ન તો તે શબ્દો ના શુદ્ધ ઉચ્ચારણને કારણે હતી ના તો મંદિરના અંધકારની સુંદરતાને આધારે હતી પણ નાદની ઉત્કૃષ્ટતા કે જેણે મનુષ્યના મનની દીવાલ અને મર્યાદાને તોડી નાખી હતી. પેલા પક્ષીના ગીત, દૂરથી આવતો વાંસળીનો સૂર, વૃક્ષના પાંદડામાંથી પસાર થતી હવાની લહેર. આ બધું મનુષ્યે પોતાને માટે નિર્માણ કરેલી દીવાલો તોડી નાખે છે.

ભવ્ય એવાં દેવળોમાં સુંદર મસ્જીદમાં એક જ સૂરમાં ગવાતી પ્રાર્થના અને પવિત્ર ગ્રંથોનું લયબદ્ધ વાંચન એમાં રહેલો નાદ જ મનુષ્ય હૃદયને અશ્રુ માટે અને સૌંદર્ય માટે ખુલ્લુ કરે છે. અવકાશ વિના સૌંદર્ય નથી. અવકાશ વિના તમારી પાસે ફક્ત દીવાલો અને માપ હોય છે. અવકાશ વિના ગહનતા નથી. અવકાશ ના હોય તો અંદર બહાર ફક્ત દારિદ્રય રહે છે. તમારા મનમાં એટલી નાની જગ્યા છે. તેમાં એટલાં બધા શબ્દો, એટલી બધી સ્મૃતિ, એટલું બધું જ્ઞાન, એટલા બધા અનુભવો અને એટલા બધા પ્રશ્નો ઠાંસી ઠાંસીને ભરેલા છે કે જ્યાં આગળ બિલકુલ અવકાશ નથી. ફક્ત અંતહીન વિચારોની ભરભરાટી છે. તમારા સંગ્રહાલયોની અભરાઇ પુસ્તકો અને વસ્તુથી ભરેલી છે. તેમજ આનંદપ્રમોદના સાધનોથી અને ધાર્મિક વસ્તુઓ અને પુસ્તકોથી તમે જગ્યા ભરી દીધી છે. તમે બાહ્ય તેમજ આંતરિક રીતે હિંસાત્મક અને કદરૂપા થઇ ગયા છો.

રહેવા માટે, ધ્યાન માટે, રમવા માટે આમ દરેક બાબત માટે અવકાશની જગ્યાની આવશ્યકતા છે. જે કંઇ પવિત્ર છે એ, અવકાશ વિના રહી ના શકે. જ્યારે તમે કંઇ પકડો છો ત્યારે તમારી પાસે અવકાશ રહેતો નથી. જ્યારે તમે દુ:ખી હોઓ છો જ્યારે તમે દુનિયાના કેન્દ્ર બની જાવ છો ત્યારે તમારી પાસે અવકાશ હોતો નથી. તમે જે જગ્યામાં વ્યાપ્ત છો તે જગ્યાનું નિર્માણ વિચારે તમારી આસપાસ કર્યુ છે. અને તેમાં ફકત ગૂંચવાડો અને દુ:ખ રહેલા છે. વિચાર જે જગ્યાની મોજણી કરે છે તે તમે, અમે અને હું વચ્ચેની જગ્યા કે અવકાશ છે. તેમાં વિભાજન છે. આ વિભાજન એ અંતહીન દુ:ખ છે.

ત્યાં વિશાળ ખુલ્લા લીલાછમ ખેતરમાં એકાકી એવું વૃક્ષ ઊભું છે.

*કૃષ્ણમૂર્તિની નોંધપોથી, પ્ર. ૩૬, ૧ એપ્રિલ, ૧૯૭૫*

# વૃ | ત્ત | વિ | શે | ષ

## વડોદરા : ગુજરાતમાં આયોજીત કરેલા કાર્યક્રમનો અહેવાલ

તા. ૧૮ થી ૨૦ ડિસેમ્બર, ૨૦૦૯માં વડોદરામાં, વડોદરા હાઈસ્કુલ, અલકાપુરીના પરિસરમાં *Education for a New World Order, J. Krishnamurti: The Man and his Message* આ વિષય પર આધારિત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની યોજનામાં ગુજરાતના કૃષ્ણમૂર્તિના વિચારોના ચાહક મિત્રો અને શ્રી. પ્રેમ છાબ્રા, શ્રી. વિજય છાબ્રા ઇ. કાર્યકર્તાઓનો મોટો ફાળો હતો.

કાર્યક્રમમાં કૃષ્ણજીના બાળપણથી લઇ તેમના જીવનના અંત સુધીના ચિત્રોના પ્રદર્શનની યોજના કરવામાં આવી હતી. એમની છબીઓ અને વિચારોના અવતરણો સાથેની અંગ્રેજીમાં એક નાની પુસ્તિકા છાપવામાં આવી છે., *J. Krishnamurti: The Man, The Message and You* નો ગુજરાતીમાં અનુવાદ પણ પ્રકાશિત કરવામાં આવ્યો.

ત્રણ દિવસના આ કાર્યક્રમમાં પ્રમુખ વક્તા તરીકે ડૉ. પી. ક્રિષ્ણા અને શ્રી રાજેશ દલાલે કૃણમુર્તિ ફાઉન્ડેશન તરફથી હાજરી આપી હતી. તેમજ મુખ્ય મહેમાન તરીકે શ્રીમતી જયંતી રાણી (Commissioner, Higher Education, Govt. of Gujarat) ખાસ મહેમાન તરીકે વડોદરાના શ્રી નારાયણ (Chairman Emeritus, Excel Industries Ltd.) અને શ્રી ગણેશ દેવી (લેખક અને સમાજ સુધારક)એ હાજરી આપી હતી.

ડૉ. પી. ક્રિષ્ણાએ અને શ્રી રાજેશ દલાલે ૧૯મીને શનિવારની સાંજે ૪ થી ૬ દરમિયાન પ્રાયોજિત સેમિનારમાં પ્રવચન આપ્યા. ડૉ. ક્રિષ્ણાએ એ *"Perspective on Right Education for the 21st Century"* એ વિષય પર વાર્તાલાપ આપ્યો અને શ્રી રાજેશ દલાલે *"A Redical New Way of Learning & Living"* એ વિષય પર વક્તવ્ય રજુ કર્યું. તે દરમિયાન થોડા પ્રશ્નોત્તર પણ થયા.

લગભગ ૬૦૦ થી ૭૦૦ લોકોએ કાર્યક્રમનો લાભ લીધો.



**વડોદરા**



## રૂપારેલ કૉલેજના કાર્યક્રમ

નવેમ્બર મહિનામાં મુંબઈના રૂપારેલ કૉલેજમાં તત્ત્વજ્ઞાનના વિદ્યાર્થી અને અધ્યાપકોના સહવાસમાં કૃષ્ણજીના દસ્તાવેજી ચિત્રપટને દેખાડવામાં આવ્યું. ફાઉન્ડેશન તરફથી પ્રમુખ વક્તા તરીકે વાસંતીતાઇ પડતે અને અભિજિત પડતેએ ભાગ લીધો હતો.

કૉલેજના વિદ્યાર્થીવર્ગે ફાઉન્ડેશન તરફથી હાજર સજ્જનોનું સ્વાગત કર્યું. ત્યાર બાદ અભિજિત પડતે એ કૃષ્ણજીનો શિક્ષણ અને જીવન વિશેનો અભિગમ લોકોને ઘણીજ સરળ અને વિશદ રીતે સમજાવ્યો. ''શિક્ષણ એટલે ફક્ત જ્ઞાન એકત્રિત કરી તેને સ્મૃતિબદ્ધ કરવું એ નથી પણ તેને વાસ્તવિક જીવનમાં લાવવું એ મહત્ત્વનું છે.'' શિક્ષણનો સંબંધ પૂરા જગત સાથે છે. આધુનિક શિક્ષણએ પરીક્ષાર્થીઓની ફોજ ઊભી કરી છે. તેથી આજનું શિક્ષણ અને જીવન વચ્ચે સંબંધ રહ્યો નથી. અને મનુષ્ય જીવન તણાવ અને સંઘર્ષમય બની ગયું છે.

ત્યારબાદ *The seer Who Walks Alone* એ ફિલ્મ બતાવવામાં આવી. અભિજિત અને વાસંતીતાઇ પડતે સાથે વિદ્યાર્થીઓએ દૈનિક જીવનના સંદર્ભમાં પ્રશ્નોની આપલે કરી.

આપણે મોકળામનના શા માટે નથી? મા-બાપ અને બાળકોના સંબંધમાં તણાવ શા માટે ઉદ્દ્ભવે છે. શું સ્પર્ધા સિવાય, તુલના સિવાય આજના કાળમાં જીવી શકાય? પૈસા, તિષ્ઠા આપણા જીવનમાં મહત્ત્વનું મૂલ્ય શા માટે બની ગયા છે? તેમજ જીવનને લગતી અનેક સમસ્યા પર વિશદપણે ચર્ચાને પ્રશ્નોત્તરી થઇ. અને આભાર પ્રદર્શિત કરી કાર્યક્રમનું સમાપન કર્યું.

## રચના સંસદમાં યોજીત કાર્યક્રમ

મુંબઇ પ્રભાદેવીમાં રચના સંસદ જે વાસ્તુ અને કલા વિદ્યાલય છે. જ્યાં આગળ ૬ઠ્ઠી નવેમ્બર ૨૦૦૯ના દિને વાસ્તુશાસ્ત્રના વિદ્યાર્થી જોડે ચર્ચા અને સંવાદનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં પ્રમુખ વક્તા તરીકે ફાઉન્ડેશન તરફથી ડૉ. સતીશ ઇનામદારે હાજરી આપી હતી. વાર્તાલાપનો વિષય હતો. ''તમે તમારા જીવનમાં શું કરી રહ્યા છો?'' લગભગ ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

કાર્યક્રમમાં ડૉ. સતીશ ઇનામદારે પોતાના વક્તવ્યની શરુઆત આજના વિદ્યાર્થીની અવસ્થા અને સમસ્યા અને તેના કારણો વિશે સુંદર રજુઆત કરી. આધુનિક વિદ્યાર્થી પરીક્ષાની તાણ, સ્પર્ધા, તુલના, મહત્ત્વાકાંક્ષા અને પૈસા કમાવવા એજ જીવનનું ઉદ્દેશ્ય છે તેમજ મા-બાપની તેઓની પાસેની અપેક્ષા વગેરે બાબતોથી ગૂંચવાયેલો છે તે આ બાબતોમાં સપડાયેલો જીવી રહ્યો છે. તેને જીવનમાં પૈસા જોઇએ છે કે પ્રતિષ્ઠા કે જીવનમાં નિર્ભેળ એવો આનંદ એના વિશે એ પોતાનામાં સ્પષ્ટ નથી. અને એ બાબતમાં તેને યોગ્ય માર્ગદર્શન શાળામાંથી કે માબાપ તરફથી મળતું નથી. આથી કરીને વિદ્યાર્થી શારીરિક કામુકતા, ક્ષુલ્લક મનોરંજન અને વ્યસનોને આધિન થઇ રહ્યો છે. અને આ બધા પછી પોતે ક્યાં હશે એની નિશ્ચિતતા નથી. વિશ્વમાં બધે જ વિદ્યાર્થીની આ દશા છે. આ બધી વાસ્તવિકતા પ્રત્યે વિદ્યાર્થીઓને જાગ્રત કર્યા. ડૉ. સતીશે વિદ્યાર્થીઓની સામે જાણે પોતાના વક્તવ્યનો અરીસો ધરી દીધો જેમાં દરેક વિદ્યાર્થી પોતાની અવસ્થાનું પ્રતિબિંબ નિહાળી શકે. તેમના અર્ધા કલાકના વક્તવ્ય પછી થયેલા પ્રશ્નોમાં વિદ્યાર્થીઓ પર વક્તવ્યની અસર વર્તાતી હતી. જીવનના બધા જ ક્ષેત્રમાં અને આજુબાજુ ચાલી રહેલી સ્પર્ધામાં આપણે ના જોડાઇએ તો આપણો નિભાવ કેવી રીતે થાય? ત્યાંથી લઇને શાળામાં પ્રવેશ નોકરી માટેની ધડપડ અને એ બધામાં રહેલો ભ્રષ્ટાચાર આ બધામાં મહત્ત્વાકાંક્ષા સિવાય જીવનમાં આગળ કેવી રીતે વધી શકાય? એવા ભ્રમ ભરેલા પ્રશ્નો વિદ્યાર્થીઓએ પૂછયા. ડૉ. સતીશે પ્રેમપૂર્વક તેમના જવાબ આપ્યા.

કાર્યક્રમના સમાપનની સાથે શ્રી આડારકરે કહ્યું કે અત્યારે સુધી વિદ્યાર્થીઓએ આવા કાર્યક્રમને ઉત્સાહપૂર્વકનો પ્રતિસાદ આપ્યો નથી. એમ કહી કાર્યક્રમનું સમાપન કર્યું. તેમજ કાર્યક્રમમાં કૃષ્ણજીની શિક્ષણ વિષયને લગતી વિડીઓ બતાવવામાં આવી હતી.

# સૌંદર્ય એ શું છે એ આપણે કેવી રીતે શોધી કાઢીએ ?

સત્યમ્ શિવમ્ સુંદરમ્ - સારાપણું, સત્ય અને સૌંદર્ય શું એ બધામાં તફાવત છે. શું તે ત્રણે અલગ, અલગ વાસ્તવિકતા છે, કે ખરેખરમાં તે એક જ વસ્તુ છે કે જુદા જુદા નામ આપીને સંબોધી શકીએ ? સત્ય, સારાપણાને અને સૌંદર્યને સમજવા માટે આપણે અત્યાર સુધી આપણી ઇચ્છાને દબાવી દઇ પ્રયત્ન કર્યો છે. શિસ્ત પાળવાનો તેના પર નિયંત્રણ કરવાનો કે ઇચ્છાનો પર્યાય શોધવાનો પ્રયત્ન કર્યો છે. ઇચ્છા પ્રબળ એવી ગતિશીલ અને ક્રિયામાં જવાળામુખી જેવી અને તે જીવનમાં અસામાન્ય એવા દુઃખને લાવે છે. વેદના તેમજ આનંદ લાવે છે. આ બધું નિહાળ્યા પછી, આપણે કહીએ છીએ કે આપણે ઇચ્છા મુક્ત હોવા જોઇએ. તેજ બધા ધર્મોમાં કહેવામાં આવ્યું છે, કે સત્ય, સૌંદર્ય અને સાલસપણાની પ્રાપ્તિ માટે આપણે અનેક સૈકાઓથી આપણી ઇચ્છાઓનું દમન કરતા આવ્યા છે; અને ઇચ્છાઓના દમન થકી આપણે સત્ય, સૌંદર્ય અને સાલસતાની સંવેદનાને ગુમાવી દીધી છે. સૌંદર્ય શું છે ? ખરેખર એ ગૂંચવણ ભરેલો પ્રશ્ન છે. અને એના પર અનેક પુસ્તકો લખવામાં આવ્યા છે. પરંતુ તમે અને હું આપણે તદ્દન સામાન્ય એવા માનવી છે. આપણે હોંશિયાર એવા કોઇ વિદ્વાન નથી અને આપણે એ શોધી કાઢવા માગીએ છીએ કે સૌંદર્ય શું છે. તે આપણે કેવી રીતે શોધી કાઢવું ? મારે સૌંદર્ય શું છે એ કેવી રીતે શોધવું. શાબ્દિક રીતે કે કોઇ સિદ્ધાંત પ્રમાણે નહીં પરંતુ જેને અનન્ય એવું સૌંદર્ય કહેવામાં આવે છે તે ભાવનાને પ્રત્યક્ષપણે કેવી રીતે અનુભવવી ?

આપણામાંથી ઘણા લોકો સૌંદર્યને એકત્રિત કરેલી કે તૈયાર કરેલી વસ્તુ તરીકે ઓળખે છે. શું એવું નથી ? આપણામાંથી ઘણા લોકો માટે સૌંદર્ય એ એક પ્રતિક્રિયા છે કે પ્રતિભાવ છે. અને હું સ્વયંને પૂછી રહ્યો છું શું તે એક એવી ભાવના છે કે જેને સૌંદર્ય, સારાપણું કે સત્ય કહી શકાય અને જે પ્રતિભાવ કે ફક્ત પ્રતિક્રિયા ના હોય ?

હું પેલા વૃક્ષને જોઉં છું અને બોલું છું કે તે કેટલું સુંદર છે. તે વૃક્ષ એવી કોઇ વસ્તુ છે કે જેનું સર્જન કરવામાં આવ્યું છે અને હું તેને માટે પ્રતિભાવ વ્યક્ત કરું છું. હું એમ બોલું છું સુંદર છે અને ત્યાંથી પસાર થઇ જાઉં છું. તે જ પ્રમાણે હું એક મકાનને જોઉં છું ફરી પાછું એવું કંઇક છે જેને એકત્રિત કરી લાવવામાં આવ્યું છે. અને હું બોલી ઊઠું છું અરે કેટલું બધું બેડોળ છે, એ પણ એક પ્રતિભાવ જ છે. શું સૌંદર્ય એ કોઇ સર્જેલી વસ્તુ પ્રતિ પ્રતિભાવ કે પ્રતિક્રિયા માત્ર છે ? કે સૌંદર્ય એ મનની એક એવી અવસ્થા છે કે જે પ્રતિક્રિયાનું પરિણામ નથી અને જેને સૌંદર્ય કહી શકાય ?

જે કંઇ કહો પણ આપણું મન એ પડકારની સામે આપણા અપૂર્ણ એવા પ્રતિભાવ અને પ્રતિક્રિયાનું પરિણામ માત્ર છે. માટે ત્યાં સંઘર્ષ અને દુઃખ છે. પ્રતિભાવ અને પ્રતિક્રિયાના પાયા પર આપણું મન વિશાલ કે સંકુચિત બનતું હોય છે. માટે જ્યારે હું કોઇ વૃક્ષને કોઇ પક્ષીને કોઇ સુંદર વ્યક્તિને એક નિર્દોષ બાળકને નિહાળીને કે દારિદ્રય, કુરૂપતાને બેડોળ મકાનને જોઇ બોલું છું કેટલું સુંદર ? કે કેટલું કદરૂપું ! તે પણ એક પ્રતિભાવ છે. એનો આધાર મારી પ્રતિક્રિયાના અનુસંધાન પ્રમાણે તેના પ્રત્યે મારા અવધાન પ્રમાણેનો હોય છે. જ્યારે હું પૂર્ણપણે જાગ્રત કે સાવધ હોઉં છું એવા પૂર્ણ અવધાનમાં પ્રતિક્રિયા હોય છે ખરી ? અને જે સમયે અવધાન માટે કોઇ વિષય વસ્તુ હોય છે. ત્યારે અવધાન હોય છે ? મિત્રો તમને આ સમજાય છે ? કે પછી ઘણું ગૂંચવણ ભરેલું લાગે છે. જો તમે કાળજીપૂર્વક સાંભળ્યું હોય તો તે ગૂંચવણ ભરેલું નથી.

મેં કહ્યું એ પ્રમાણે, વસ્તુલક્ષી અવધાન એ મૂળ અવધાન નથી. કારણકે તે વસ્તુ તમને તાબામાં લઇ લે છે. પણ જો હું મારા પૂર્ણ અસ્તિત્વ સાથે અવધાનની અવસ્થામાં હોઉં તો ત્યારે ત્યાં પ્રતિક્રિયા હોય છે ? અને તેવી અવસ્થામાં જેને કુરૂપ કે સુંદર કહેવામાં આવે છે એવું કંઇક હોય છે ખરું ?

આખરે તે કાલ્પનિક કે સૈદ્ધાંતિક સૌંદર્ય હોય છે. તે સૌંદર્ય, આદર્શ દ્વારા નક્કી કરવામાં આવ્યું હોય અને અનુભવોમાંથી આવેલું સૌંદર્ય છે. અનુભવનો અર્ક છે. હવે, હું મારી જાતને પૂછી રહ્યો છું અને મને લાગે છે કે તે યથાર્થ પ્રશ્ન છે. શું કોઇ એવી અવસ્થા હોય છે કે જેમાં મનપૂર્ણપણે જાગ્રત હોય અને સુંદરતા અને કુરૂપતા પ્રત્યે પોતાનો પ્રતિભાવ સમજે અને આ કુરૂપ અને આ સુંદર, એવું નામાંકન ન કરે ? કારણકે તે પૂર્ણ એવું અવધાન છે કે જેમાં અનુભવની અખંડતા રહેલી છે ? અને અવધાનની આ પૂર્ણ અવસ્થામાં શું ત્યાં એવી કોઇ વ્યક્તિનું અસ્તિત્વ હોઇ છે કે જે કહેતી હોય કે મેં સૌંદર્યનો અનુભવ કર્યો કે મેં કુરૂપતાનો અનુભવ કર્યો. કે પછી ત્યાં ફકત સંવેદના (ભાવના) જ છે. એ અનુભૂતિ એ પ્રતિક્રિયા નથી તે કોઇ કારણનું પરિણામ નથી ?

તેથી મન-મનુષ્યે સર્જેલી કોઇ ઇમારત કે મૂર્તિ દ્વારા ઉભારેલા સૌંદર્ય પ્રતિ પોતાની સંવેદનશીલતા ગુમાવ્યા વગર પૂર્ણ અવધાનની અનુભૂતિ પ્રાપ્ત કરી શકે કે જ્યાં આગળ સુંદરતા અને કુરૂપતા એવો ભેદ ઉદ્ભવે નહીં ? તમને આ સમજાય છે ? ચોક્કસ ? ફકત મન એજ સંઘર્ષ છે જે પોતાની ઇચ્છા, ઇચ્છાપૂર્તિ અને નિરાશામાં બંદી બની ગયું છે. અને આવું ગૂંચવાયેલું મન જ જેને કુરૂપતા કે સુંદરતા કહેવામાં આવે છે તેનું નિર્માણ કરે છે.


## કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર સહ્યાદ્રી (KFI)

**વિશેષ અધ્યયન કાર્યશાળા**

૧ –૫ ફેબ્રુઆરી ૨૦૧૦ What is a Religious Life ? ૧૬–૨૨ માર્ચ ૨૦૧૦ Freedom, Love and Intelligence

**વાર્ષિક સમ્મેલનો**

૧૫–૧૯ મે ૨૦૧૦ મરાઠી સમ્મેલન ૨૧–૨૫ મે ૨૦૧૦ હિંદી સમ્મેલન

સંપર્ક : સંચાલક, કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર સહ્યાદ્રી, પોષ્ટ : તીવઇહિલ, તા. ખેટ (રાજગુરુનગર) જિલ્લા : પુણે પિન : ૪૧૦ ૫૧૩ મહારાષ્ટ્ર.
ટે.નં. (૦૨૧૩૫)૨૮૭૭૨, ૨૮૮૩૪૮, ૨૦૩૪૭૫. email : kscskfi@gmail.com, Website: www.kscskfi.com

## આનંદ વિહાર, કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બદલાપુર

સંપર્ક : આનંદવિહાર, જે કૃષ્ણમૂર્તિ સેલ્ફ એજ્યુકેશન સોસાયટી, જાંભિળઘર, રાહટોલી ગામની નજીક,
બદલાપુર (પ) તા. થાણા. પિન : ૪૨૧ ૫૦૩. મહારાષ્ટ્ર.
ટે.નંબર : ૯૪૨૦૬ ૦૭૪૨૮ (૦૨૨) ૨૫૧૫ ૩૦૯૪, ૨૪૨૨ ૩૧૯૯ • email : zilog@vsnl.com.

આ જૂનો મેં કહ્યું તે પ્રમાણે આ ઘણો અટપટો પ્રશ્ન છે, ખરેખરમાં એ સૌંદર્ય, સત્ય અને સલામતી શું છે એ શાબ્દિક રીતે નહીં પણ તેને વાસ્તવિક રીતે સમજવા તમારું મન શબ્દો અને તે શબ્દોની પ્રતિક્રિયાથી મુક્ત હોવું જોઇએ. ત્યારે જ તમને ખ્યાલમાં આવશે ત્યાં સમગ્રતાની અનુભૂતિ છે. ત્યાં અનુભવ કરનાર નહીં હોય જે સમગ્રતાનો અનુભવ લેતો હોય. તે અવસ્થામાં સર્જનશીલતા છે. તેને વિરોધાભાસનું સર્જન કરતા મનની સાથે કશી જ લેવાદેવા નથી. જે મન ઇમારત રચી, સ્થાપત્યકલા દ્વારા કે કવિતા અને નિબંધ વગેરે લખી પોતાના મનને હલકું કરવા માર્ગ શોધે છે. આ બધું સાંભળ્યા પછી તમે કહેશો કે 'તમે પણ મનને મોકળું કરવા માટે તેમજ મનના સમાધાન માટે બોલતા નથી?'' મને એવું લાગતું નથી કારણકે સાચો ધાર્મિક મનુષ્ય સમાધાન શોધતો નથી. જે રીતે મેં સ્પષ્ટીકરણ કર્યું; સમાધાનની માટીમાં જ દુઃખનો ઉગમ થાય છે.

મુંબઇ ૧૯૬૭, વાર્તાલાપ ૬

---

# પુસ્તક પરિચય

## માપ વિનાનું મન



આ પુસ્તક એ અંગ્રેજી પુસ્તક *Mind without Measure* નો ગુજરાતી અનુવાદ છે. જે શિવલાલ મોદીએ ૧૯૮૪માં કર્યો હતો. અત્યારે ત્રીજી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે.

''ઘણા પ્રાચીન કાળથી માનવીને એમ શીખવવામાં આવ્યું છે કે વિચાર એ અતિ મહત્ત્વનું અને સબળ એવું એક માત્ર સાધન જીવન જીવવા માટે મનુષ્ય પાસે છે. કિંતુ મનુષ્યના આ પ્રિય ખ્યાલને કૃષ્ણજીએ ભાંગીને ભૂક્કો કરી નાખ્યો છે. અને કહે છે મનુષ્યના અંગત જીવનમાં અને માનસિક સ્તરે વિચારે ઘણી પાયમાલી સર્જી છે. ભૌતિક સ્તરે મનુષ્યને ઘણો મદદ રૂપ થયો છે. એમાં કોઇ શક નથી. કિંતુ મનોવૈજ્ઞાનિક સ્તરે વિચાર જે ઉકેલો શોધે છે તે સમસ્યામાં વધારો કરે છે અને બીજી સમસ્યા ઊભી કરે છે.''

વિચારના આ વિષયને આ પુસ્તકમાં કૃષ્ણજીએ ઘણી ગહનતાથી અને વિસ્તારપૂર્વક સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. વિચાર મનુષ્યમાં રહેલી મૂળભૂત ભાવના, હિંસા, સલામતી, માન-અપાન, ઘર્ષણ, ભય, નિરાશા, ઇર્ષા વગેરે ના ઉકેલ માટે અપૂર્ણ અને અયોગ્ય સાધન છે. વિચાર, સમસ્યા સર્જે છે અને સમસ્યાને સાતત્ય આપે છે. આ બાબત ૧૯૮૨-૧૯૮૩ દરમિયાન કૃષ્ણજીએ ભારતના ચાર મહાનગરોમાં આપેલા વાર્તાલાપમાં વિસ્તારથી સમજાવી છે, તે વાર્તાલાપ આ પુસ્તકમાં છે.

મૂલ્ય : રૂ. ૧૧૦/-

---

## જે. કૃષ્ણમૂર્તિ : વ્યક્તિ, સંદેશ અને તમે



*J. Krishnamurti: The Man, The Message and You* આ નાની પુસ્તિકાનો ગુજરાતી અનુવાદ છે. આ પુસ્તિકામાં કૃષ્ણજીના અલભ્ય ફોટાગ્રાફ છે તેમજ તેમના મહત્ત્વના સચોટ વિચારોના મોતીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

મૂલ્ય : રૂ. ૩૦/-

# અહીં રંગ એ ઇશ્વર હતો

ઠંડીનો કડાડો ઘણો તીવ્ર હતો. પાણી થીજી જાય એટલું તાપમાન નીચે ઉતરી ગયું હતું. કુંપળો પીળી પડી ગઇ હતી. વૃક્ષના પીળા પાંદડા ગળીને નીચે પડયા હતા. માલિકીની જગ્યાની હરિયાળી પણ જમીનના રંગ સમી બની ગઇ હતી અને ભૂખરા રંગની દેખાતી હતી. જૂજ ગુલાબ અને પીળી પેન્સીના ફૂલો સિવાય, બગીચો વેરાન દેખાતો હતો. એ અતિશય ઠંડીને કારણે હંમેશ પ્રમાણે ગરીબો સહન કરતા ને કેટલાંક મૃત્યુ પામતા. એક બાજુ વસ્તી ઝપાટાભેર વધી રહી હતી. અહીં ઠંડીથી લોકો મૃત્યુને શરણ થતાં હતા. ઠંડીથી ધ્રુજતા માણસો દૃષ્ટિએ પડતા હતા. તેમના શરીર પર હંમેશા પ્રમાણે ફાટેલા ચીંથરા જેવા વસ્ત્રો હતા. એક વૃધ્ધા માથાથી પગ સુધી ઠંડીથી ધ્રુજી રહી હતી. પોતાના હાથની બાથ ભીડી ઠંડીથી બચવાનો પ્રયત્ન કરતી હતી. તેના જે કંઇ બચેલા દાંત કડકડતા હતા. એક યુવાન સ્ત્રી નાહીને પોતાની ફાટેલી સાડી ધોઇ રહી હતી જમનાના જળમાં, અને એક વૃધ્ધ માણસ ખૂંખારતો પોતાનું ગળું સાફ કરતો ગળામાંથી કફ કાઢી રહ્યો હતો. અને બાળકો નાચતા કુદતા બુમબરાડા કરતા રમી રહ્યા હતા. ધ્રુજતી વૃધ્ધા બધે જ નજરે પડતી હતી; વિચિત્ર અને આશ્ચર્યજનક પીળો અને લાલરંગ અને અટળ એવું મૃત્યુ સર્વત્ર નજરે પડતું હતું. અહીં રંગ એ ઇશ્વર હતો અને મૃત્યુ એ ઇશ્વરની પેલે પાર હતું. મૃત્યુ અને રંગ સર્વત્ર હતા. તમે મૃત્યુ અને રંગને જુદા પાડી ના શકો. જો તમે તેવું કરો તો ત્યાં જીવનનું અસ્તિત્વ નથી; તે પ્રમાણે તમે પ્રેમ અને મૃત્યુને અલગ પાડી ના શકો જો તમે એવી તારવણી કરો તો ત્યાં સૌંદર્ય રહેતું નથી.

દરેક રંગને જુદા જુદા માનવામાં આવે છે. પણ વાસ્તવમાં રંગ તો એક જ છે. અનેક રંગ નથી જ્યારે તમે દરેક રંગ ને ફક્ત એક રંગ તરીકે નિહાળો ત્યારે ત્યાં રંગનો વૈભવ અને સૌંદર્યનું અસ્તિત્વ દેખાશે. લાલ ગુલાબનો રંગ અને પીળા પેન્સીના ફુલોનો રંગ વાસ્તવમાં અલગ નથી. ત્યારે રંગ પેલા વેરાન બાગને અપૂર્વ એવા રંગોથી ભરી દેતા રંગ જ છે. આકાશ ઝાંખા વાદળી રંગથી છવાયેલું હતું. પણ તે ઠંડીની ભૂરાશ હતી. વરસાદ વગરની ઠંડી પણ તે બધા જ રંગોને સમાવિત કરતો વાદળી રંગ હતો. તમે તેને નિહાળતા તે રંગમય બની જાઓ. શહેરમાંથી સંભળાતો કોલાહલ ધીરે ધીરે મંદ થઇ રહ્યો હતો. પરંતુ પેલો અવિનાશી એવો રંગ ત્યાં ફેલાયેલો હતો.

*કૃષ્ણમૂર્તિની નોંધપોથી* ,૨૧ જાન્યુઆરી, ૧૯૬૨, નવી દિલ્હી

**શાંત વિસર્જન :** કૃષ્ણજીના વિચારોના ચાહક મિત્રો માટે એક શુભ સમાચાર છે કે આ પુસ્તકની આ આવૃત્તિ ખાસ ઘટાડેલા મૂલ્યની છે. જેનું મૂલ્ય રૂા. ૭૦ થી ઘટાડીને રૂા. ૨૦ રાખવામાં આવ્યું છે. આ પુસ્તક કૃષ્ણજીના શ્રેષ્ઠ પુસ્તકોમાંનું એક એવું મહત્ત્વનું પુસ્તક છે.

*સૌંદર્ય એટલે સંપૂર્ણ સુવ્યવસ્થા.* પણ આપણામાંથી મોટા ભાગના લોકોને જીવનમાં સૌંદયની સંવેદના કે આકલન થતું નથી. આપણે કદાચ મહાન કલાકાર સારા ચિત્રકાર વિવિધ બાબતોના નિષ્ણાંત હોઇએ, પરંતુ આપણા દૈનિક જીવનમાં આપણે વ્યગ્રતા અને ગ્લાનિ સાથે કમનસીબ ... એવું અવ્યવસ્થિત જીવન જીવીએ છીએ. આ એક સત્ય હકીકત છે. તમે પ્રખર વૈજ્ઞાનિક હો, તમે કોઇ વિષયમાં ઘણા તજ્ઞ અને ચતુર હો પરંતુ તમારી પાસે તમારી પોતાની સમસ્યા, ઘર્ષણ, વ્યગ્રતા, દુઃખ એવું બાકીનું બધું છે. આપણે બંને મળી એની શોધ કરી રહ્યા છીએ કે શું આપણે સંપૂર્ણપણે આપણી અંદર સુવ્યવસ્થિત જીવન જીવી શકીએ એવું શક્ય છે? પોતાના પર કોઇપણ પ્રકારની શિસ્ત લાધ્યા વગર, ત્યારે અવ્યવસ્થાનું મૂળભૂત કારણ શોધી તેને દૂર કરી તેને પૂર્ણપણે નષ્ટ કરી શકીએ? ત્યારે જ આ વિશ્વમાં સંપૂર્ણ સંતુલિત જીવન જીવી શકાય...

*Mind Without Measure, નવી દિલ્હી ૧૯૮૨, વાર્તાલાપ ૩*

# સમગ્રતાપૂર્વક જીવવાનું કૌશલ્ય, એજ સર્વશ્રેષ્ઠ કલા છે

*પ્રશ્નકર્તા* : કલાકાર એ શું છે? એ મારો પ્રશ્ન છે. મને ઘણીવાર આશ્ચર્ય થાય છે, કે ચિત્રકાર, શિલ્પકાર, સંગીતકાર, લેખક એવા તથા કથિત કલાકારોને આટલું બધું અસાધારણ મહત્ત્વ આપવામાં આવે છે શા માટે. જે જોડા બનાવનાર મોચી ને ઘરમાં રસોઇ કરતી વ્યક્તિને આપવામાં નથી આવતું. તેઓ શું સર્જનશીલ નથી? જેને લોકો સુંદર ગણે છે. તેવી અભિવ્યક્તિના સર્વ પ્રકારોને જ્યારે તમે ધ્યાનમાં લો છો ત્યારે એમ લાગે છે કે સાચા કલાકારનું જીવનમાં શું સ્થાન છે અને સાચો કલાકાર કોણ છે? સૌંદર્ય એ સમગ્ર જીવનનો અર્ક (સત્ત્વ) છે એવું માનવામાં આવે છે. પેલી દેખાતી ઇમારત જેને સુંદર ગણવામાં આવે છે. તે આ સત્ત્વની અભિવ્યક્તિ છે? આપ જો કલાકાર અને સૌંદર્યના સઘળા પ્રશ્નોનું વિવરણ કરશો તો હું ખૂબજ આભારી થઇશ.

*કૃષ્ણમૂર્તિ* : ખરેખર કલાકાર તે જ છે જે કૃતિ કરવામાં કાર્યકુશળ છે. બરાબર? આ કાર્યકુશળતા જીવનની અંદર છે જીવનની બહાર નહીં. તેથી કુશળતાપૂર્વક જીવન જીવનાર સાચો કલાકાર બને છે. આ કાર્યકુશળતા કે કલા જ્યારે તમે કોઇ વાદ્ય વગાડતા હો, કવિતા રચતા હો કે પછી ચિત્રોમાં રંગ પૂરતા હો તે દિવસમાં અમુક કલાક માટે કુશળતાપૂર્વક કાર્ય કરે છે - જેમ કે યુરોપમાં પુનરુત્થાનના કાળ દરમિયાન અનેક એવા પીઢ મહાન માણસોએ અનેક ક્ષેત્રમાં જેમ કાર્ય કર્યું હતું. પરંતુ સંગીત કે લેખનના થોડા કલાકો સિવાય એના બાકીના જીવનમાં અવ્યવસ્થા અને ગૂંચવાડા સાથે અથડામણ, ઘર્ષણ ઊભી કરે છે. તો શું આવો મનુષ્ય ખરેખર કલાકાર હોય છે? જે મનુષ્ય ઘણી કલાત્મકતાથી વાયોલિન વગાડતો હો પણ એનુ લક્ષ્ય કે રસ પોતાની કીર્તિ તરફ હોય તો તેને વાયોલિન વાદનમાં રસ નથી. તે ખ્યાતિ પ્રાપ્ત કરવા માટે વાયોલિનનો ઉપયોગ કરે છે. તેને માટે 'હું' નું અસ્તિત્વ સંગીત કરતા વિશેષ છે. તેજ પ્રમાણે ચિત્રકાર અને લેખકનું લક્ષ કીર્તિ તરફ હોય છે. સંગીતકાર જેને તે સુંદર સંગીત ગણે છે તેની સાથે તે પોતાના 'હું'ની અભિવ્યક્તિ કરે છે. અને ધાર્મિક મનુષ્ય તેના મત પ્રમાણે જે ઉદાત્ત છે તેમાં તેના 'અહં' ને જોડી દે છે. આ બધા લોકો તેમના ચોક્કસ એવા નાના ક્ષેત્રમાં કુશળ હોય છે પણ જીવનના બાકીના વિશાળક્ષેત્રમાં ઉપેક્ષા સેવતા હોય છે. તેથી આપણે કર્મમાં કુશળતા શું છે તે શોધી કાઢવી જોઇએ. જીવન જીવવામાં કુશળતા શું છે. માત્ર લેખન, ચિત્રકલા અને યંત્રવિદ્યાની કુશળતા નહીં પરંતુ આપણું સમગ્રજીવન કુશળતા અને સૌંદર્યપૂર્વક કેવી રીતે જીવી શકીએ તે આપણે શોધી કાઢવાનું છે. શું કૌશલ્ય અને સૌંદર્ય એક જ છે? મનુષ્ય કલાકાર હોય કે નહીં હોય પણ તેનું સંપૂર્ણ જીવન કુશળતાપૂર્વક અને સૌંદર્યમય જીવી શકે? જીવવું એટલે આચરણ અને જ્યારે એ કર્મ દુઃખ નિર્માણ કરતું હોય ત્યારે તે કર્મ કુશળ હોતું નથી. શું એક માણસ દુઃખ વિના સંઘર્ષ વિના અદેખાઇ વિના અને લોભ વિના કોઇપણ પ્રકારના ઘર્ષણ વિના જીવી શકે ખરો? મુદ્દો કોણ કલાકાર છે અને કલાકાર કોણ નથી એ નથી પ્રશ્ન એ છે કે માનવ માત્ર તમે કે બીજા કોઇ પણ ત્રાસ અને વિકૃતિ વિના જીવી શકે? અલબત્ત, મહાન શિલ્પ,મહાન કાવ્ય કે નૃત્ય ને ઉતારી પાડવું કે તેનો તિરસ્કાર કરવો એ એક હીનતા છે. તે તો સ્વયંના જીવનમાં અણઘડતા સમાન છે. પરંતુ તે કલાકુશળતા અને સૌંદર્ય કર્મમાં રહેલા છે તે સંપૂર્ણ દિવસ કાર્યશીલ હોવી જોઇએ. ફક્ત દિવસના કંઇક કલાકો પૂરતી નહીં. આ એક ખરેખરો પડકાર છે. સરસ રીતે પિયાનો વગાડવો એ પૂરતું નથી. જો તમે પિયાનાનો સ્પર્શ કરતા હોવ તો તમારે તે કુશળતાપૂર્વક સુંદર રીતે વગાડવો જોઇએ પણ તેટલું જ પૂરતું નથી. તેતો એક વિશાળ ખેતરના નાનાભાગને ખેડવા જેવું છે. આપણી દૃષ્ટિએ મહત્ત્વનું છે પૂર્ણ ખેતર અને તે ખેતર એટલે આપણું જીવન છે. આપણે હંમેશા પૂર્ણક્ષેત્ર તરફ દૂરલક્ષ દાખવીએ છીએ અને આપણા સ્વયંના કે અન્યના જીવનના ખંડો ઉપર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ. સમગ્ર જીવનમાં પૂર્ણપણે જાગ્રત હોવ અને તે પ્રમાણે કર્મકુશળ હોવું તે કળા છે અને તે સૌંદર્ય છે.

> ... આપણી જ્ઞાનેન્દ્રિય કેવી રીતે કાર્ય કરે છે એ તમે કદી જોયું છે? કોઇ એક જ ઇન્દ્રિય પ્રતિ સભાન થવું એમ નહીં પણ બધીજ ઇન્દ્રિયો પ્રતિ સભાન થઇ શકીએ? સ્પર્શ, સ્વાદ, શ્રવણ, દર્શન, સુગંધ બધા પ્રત્યે એકત્રિતપણે સભાન રહી શકીએ? જ્યારે એ બધી ઇન્દ્રિય સક્રિય અને કાર્યરત હોય. એ રીતે તમે કદી વૃક્ષને નિહાળ્યું છે? તમે કદી સાગરને પર્વતને પહાડને ઊંડી ખીણને તમારી બધી જ ઇન્દ્રિયો સાથે નિહાળ્યા છે? જો તમે એમ કરો ત્યારે તમારી અંદર કોઇ કેન્દ્ર હોતું નથી. જ્યાંથી તમે નિહાળતા હો. તમારી સંવેદનશીલતા સમગ્રપણે કાર્યરત હોય છે. તે નિયંત્રિત, મર્યાદિત કે ચોક્કસ સ્વરૂપ વગરની હોય છે. જ્યાં સુધી તમે તે સ્પષ્ટતાપૂર્વક સમજો નહીં, ત્યાં સુધી એના વિશે કહેવું એ એક ઘોખારૂપ છે. કારણકે મોટાભાગના માટે ઇન્દ્રિયજ્ઞાન સીમિત કે ઉપરછલ્લું હોય છે. આપણને કદાચ સુંદર વસ્ત્રો માટે અભિરૂચી હોય છે. પણ રાચરચીલા (ફર્નિચર) માટે અણગમો હોય છે! તમે આ બધું જાણો છો. અત્યારે આપણે જે રીતે જીવીએ છીએ એમાં આપણી ઇન્દ્રિયોની સંવેદના ઘણી મર્યાદિત છે. કોઇ ધાર્મિક નેતાએ, તત્વજ્ઞાનીએ કે કોઇએ પણ આ વિશે વાત કરી નથી. બધી જ જ્ઞાનેન્દ્રિય ખીલવી જોઇએ અને એના ખીલવામાં જ સૌંદર્યની જાણ થાય છે.
>
> *Mind Without Measure*, નવી દિલ્લી ૧૯૮૨, વાર્તાલાપ ૩

*પ્રશ્નકર્તા* : કારખાનામાં કાર્ય કરતા કે ઓફિસમાં કાર્ય કરતા કર્મચારીનું શું? શું તેઓ કળાકાર નથી? તેના કામનું સ્વરૂપ તેના કાર્યની કુશળતાને અશક્ય કરી નાખે છે. ને તેને એટલો બધો નિર્જીવ અને બધિર બનાવે છે. તેનામાં બીજા કશામાં કૌશલ્ય દાખવવાની કૌવત રહેતી નથી. બરોબર છે ને? તે તેના કાર્યથી મર્યાદિત થયેલો નથી?

*કૃષ્ણમૂર્તિ* : અલબત્ત તે મર્યાદિત હોય છે. પરંતુ તે જો જાગ્રત થાય તો તે પોતાનું કામ છોડી દેશે કાં તો તે પોતાના કામને એટલું બધું બદલી નાખશે કે તે કાર્ય કલાત્મક બની જાય. તેનું કાર્ય મહત્ત્વનું નથી પરંતુ કાર્ય પ્રત્યેની જાગૃતિ મહત્ત્વની છે. કાર્યથી બંધાવું તે નહીં પણ જાગૃત થવું મહત્ત્વનું છે.

આપણે જે કંઇ જાણીએ છીએ તે એજ છે કે કાર્ય સાથે કારણ છે, હેતુ છે. અને તે કાર્ય તે હેતુનું પરિણામ છે. બધા કાર્ય સંબંધિત હોય છે. જો તે સંબંધ કોઇ કારણને આધારિત હોય તો તે લુચ્ચાઇપૂર્વકની બંધબેસતા થવાની ક્રિયા છે. અને તેથી તે અનિવાર્યપણે મૂઢતા તરફ લઇ જાય છે. માત્ર પ્રેમ જ એક એવી બાબત છે કે જેને કોઇ કારણ નથી, જે મુક્ત છે, તે સૌંદર્ય છે, કાર્યકુશળતા છે. કલા છે. પ્રેમ સિવાય કલા નથી. જ્યારે એક કલાકાર સુંદર રીતે વાદ્ય વગાડે છે ત્યારે ત્યાં 'હું' ની ઉપસ્થિતિ નથી હોતી ફક્ત પ્રેમ અને સૌંદર્ય હોય છે. આ છે કાર્યમાં કૌશલ્યતા, કલા છે. કર્મકુશળતા એ 'હું'ની અનુપસ્થિતિ છે. કળા એ 'હું'ની અનુપસ્થિતિ છે. પરંતુ તમે જો જીવનનાં સમગ્ર ક્ષેત્રની અવગણના કરો અને એક નાના ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરો ભલે તેમાં 'હું' ઉપસ્થિતિ ન હોય છતાં પણ તમે અકુશળતાપૂર્વકનું જીવન જીવો છો તેથી તમે જીવનના કળાકાર નથી. જીવન જીવવામાં 'હું'નું અસ્તિત્વ ન હોવું એ પ્રેમ અને સૌંદર્ય છે. જેમાં આગવી એવી 'સ્વયં'ની કૌશલ્યતા હોય છે.

*ત્યારે જીવવું શી રીતે ? સૌંદર્ય અને કળાકાર*

ફૂલનું સૌંદર્ય એ ફૂલની પ્રબળ એવી આંતરિક અવસ્થા છે. પછી ભલે કોઇ તેને બાજુ પર મુકી દે. કોઇ તેને ભૂલી જાય કે કોઇ તેનો નાશ કરે.

મહત્ત્વાકાંક્ષી મનુષ્યને સૌંદર્યનું દર્શન થતું નથી. તેના મર્મ વિશેની સંવેદના એટલે સૌંદર્ય...

...ઉત્કટતા અને સંવેદનશીલતાની પરમોચ્ચ અવસ્થા એટલે મર્મની અનુભૂતિ. એ શબ્દો અને લાગણીશીલતાથી પર એવું સૌંદર્ય છે. પ્રમાણબધ્ધતા અને ગહનતા, પ્રકાશ અને છાંયડો એ સમય અને અવકાશથી મર્યાદિત બને છે. તે સુંદર અસુંદરમાં સપડાયેલા છે, પરંતુ જે મર્યાદિત રેખા અને અવકાશની એ પેલી પાર છે. જે જ્ઞાન પ્રાપ્ત કરવાની ભૂમિકાથી પર છે. તે છે સૌંદર્યનું હાર્દ કે મર્મ.

*કૃષ્ણમૂર્તિની નોટબુક*, ૧૮ જૂન ૧૯૬૧

## સ્ફૂરણા અહંતત્વમાંથી ઉદ્ભવવી ના જોઇએ

*કૃષ્ણમૂર્તિ :* તમે પૂછો છો કે સૌંદર્ય એટલે શું ? મને લાગે છે કે જે મન પોતાનામાં ખંડિત નથી જે મન ભગ્ન નથી તેવા મનમાં સૌંદર્ય હોય.

*પુપુલ જયકર:* તમે આંખ કાન બંધ કરી દો તો તેનો સંબંધ ઇન્દ્રિયોની સંવેદના સાથે હોય છે ?

*કૃષ્ણમૂર્તિ:* તે ઇન્દ્રિયોની સંવેદનાથી સ્વતંત્ર છે જ્યારે તમે આંખ, કાન બંધ કરી દો છો ત્યારે તે મન વિભાજીત નથી હોતું ત્યારે ત્યાં સૌંદર્યની સંવેદનશીલતાનો ભાવ હોય છે. તે બાહ્ય સૌંદર્યને આધારિત નથી. આવું મન ધરાવતું શરીર શહેરના કોલાહલ ભરેલા વાતાવરણમાં રહેતું હોય તોય શું ? ભૌતિકપણે શારીરિક કંઇ અસર થાય. પણ ખંડિત નહીં એવા મનની ગુણવત્તામાં કંઇ જ અસર વર્તાતી નથી. તે આસપાસના વાતાવરણથી સ્વતંત્ર ને મુક્ત હોય છે. માટે તેને અભિવ્યક્તિ સાથે કંઇ જ નિસ્બત હોતી નથી.

*પુપુલ જયકર:* તે મનની અનન્યતા છે.

*કૃષ્ણમૂર્તિ:* તેથી સૌંદર્ય અનન્ય છે. શા માટે આપણામાં સ્વની અભિવ્યક્તિની ખેવના છે ? શું તે ખેવના એ સૌંદર્યનો ભાગ છે ? એક સ્ત્રીની બાળક માટેની ખેવના. એક પતિને હેત ભરેલી અવસ્થાની ક્ષણોમાં કામેચ્છાની ખેવના. તેમજ એક કલાકારને 'સ્વ'ની અભિવ્યક્તિની ખેવના હોય છે.

જાગ્રત એવા સાક્ષી મનને કોઇ પ્રકારે અભિવ્યક્તિ કરવાની આવશ્યકતા હોય છે ? તેને તેની આવશ્યકતા નથી. કારણકે સાક્ષીત્વ એજ અભિવ્યક્તિ છે એજ કૃતિ છે. એક કલાકાર, ચિત્રકાર, વાસ્તુશાસ્ત્રી એ સ્વયંની અભિવ્યક્તિને શોધે છે. પરંતુ તે એક તરફી વિભાજીત છે માટે તેની અભિવ્યક્તિ એ સૌંદર્ય નથી. સંપૂર્ણ ખંડિત એવું બધ્ધ મન સૌંદર્ય વિશેની પોતાની ભાવનાને અભિવ્યક્ત કરે છે. પરંતુ તે બધ્ધ ભાવના છે. શું તે સૌંદર્ય છે ? માટે 'સ્વ' જે સંસ્કારિત અને બધ્ધ છે. તે સૌંદર્ય ને કદી નિહાળી ના શકે. અને તે જે કંઇ અભિવ્યક્ત કરશે તે તેની બધ્ધતા પ્રમાણેની ગુણવત્તાવાળું હશે.

*પુપુલ જયકર:* તમે પ્રશ્નના એક પાસાનો હજી સુધી ઉત્તર આપ્યો નથી. શું સર્જનશીલ પ્રજ્ઞા કે સૂત્ર જેવું કંઇક છે ખરું ? વસ્તુને સુંદર અને આહલાદ્ક લાગે એવી રીતે ગોઠવણી કરવાની કલામાં આ ગુણ છે.

*કૃષ્ણમૂર્તિ:* એક ગૃહિણી મનપૂર્વક રોટલી બનાવતી હોય પણ ત્યાં જો સ્વાર્થવૃત્તિ કે હેતુ ના હોય પણ કાર્યમાં એકાત્મતા હોય ત્યારે જ તે ગુણ હોય છે. પણ જરા જેટલો હેતુ આવ્યો ત્યારે બધું પડી ભાંગે છે.

*પુપુલ જયકર:* આનંદનું નિર્માણ.

*કૃષ્ણમૂર્તિ:* બીજા કોઇ હેતુ માટે નહીં. વક્તા વ્યાસપીઠ પર બેસી પ્રવચન આપે અને એને આનંદ મળે તે માટે નહીં.

પાણીનું ઝરણું કદી અટકતું નથી અને પાણી વગરનું હોતું નથી તે ઝર ઝર વહેતું હોય છે. લોકો તેના પાણીને દુષિત કરે કે જળદેવતા માની પૂજા કરે. તે તો ફક્ત વહે છે. મોટાભાગના લોકોને સ્વની અભિવ્યક્તિ સાથે નિસ્બત છે. પોતાના અંગત હેતુ માટે અને એ હુંપણાને લીધે વિભાજન કે વિઘટન થાય છે. 'સ્વ'ની અનુપસ્થિતિમાં જ સત્યનું દર્શન હોય છે. તે સંવેદન જ કર્મ છે, ત્યાં જ સૌંદર્ય છે.

એલીફન્ટામાં મહેશનું શિલ્પ (ત્રિમૂર્તિ) ઘડનાર શિલ્પીએ કેટલા ગહન ચિંતન પછી જ ઘડયું હશે એવું મને ખાત્રીપૂર્વક લાગે છે, પાષાણ પર છીણી મુકતા પહેલાં કાગળ પર કવિતા લખતા પહેલાં જ તમારી ચિંતનશીલ અવસ્થા હોવી જોઇએ. તે અવસ્થા ધ્યાનની હોવી જોઇએ. તે સ્ફૂર્ણા 'સ્વ'ના બિંદુથી ના થવી જોઇએ.

*પુપુલ જયકર:* પ્રાચીનકાળના શિલ્પીની પરંપરા તેવી હતી.

*કૃષ્ણમૂર્તિ:* અત્યારના નાનામોટા કે સામાન્ય ચિત્રકાર સ્વયંની અભિવ્યક્તિમાં સપડાયેલા છે.

સૌંદર્ય સંપૂર્ણ ત્યાગ અને સ્વની અનુપસ્થિતિમાં જ રહેલું છે. પરતુ આપણે સ્વથી પર થયા વગર તે સૌંદર્યને પકડવા હવામાં જે હવાતિયાં મારીએ છીએ. તે વ્યર્થ ને પોકળ છે.

*પરંપરા અને પરિવર્તન*, સંવાદ ૧૧

'અંતરમેળ' આ વૃતપત્રિકા દર ચાર મહિને પ્રસિધ્ધ થતી પત્રિકા છે. કૃષ્ણજીના શિક્ષણના અભ્યાસ કરવા ઈચ્છીત વ્યક્તિ માટે કૃષ્ણજીના સાહિત્ય નો ગુજરાતી અનુવાદ, તેમના શિક્ષણને લગતા લેખ, સંસ્થાના કાર્યક્રમ તેજ અભ્યસકેન્દ્રની તેમજ પુસ્તક વગેરેની માહિતી આ પત્રકિામાં પ્રકાશીત કરવા માં આવશે. આપને આ પત્રિકા આપના સરનામે મળે એવી ઈચ્છા હોય તો અમારા મુંબઈ કેન્દ્ર ના સરનામા પર પત્ર દ્વારા કે ઈમેલ દ્વારા ખબર કરવી. કૃપા કરી તમારું સંપૂર્ણ નામ, સરનામું, ફોન નંબર અને ઈમેલ હોય તો તે જણાવશો.

*Published in January, May, September*

Periodical

*Registered with The Registrar of Newspapers for India under No. MAHGUJ/2008/25168*

*If undelivered please return to :*

**Krishnamurti Foundation India**

Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road, Malabar Hill, Mumbai - 400 006.

Tel.: (022) 2363 3856 Email : kfimumbai@gmail.com

Websites : www.kfionline.org, www.jkrishnamurti.org

*Published by P.V. Dabholkar on behalf of Krishnamurti Foundation India, Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road, Malabar Hill, Mumbai-400 006. Printed by S.V. Limaye at India Printing Works, 42, G.D. Ambekar Marg0, Wadala, Mumbai - 400 031. E-mail : ipw@vsnl.net • Translation : Harshad Panchal Designed by Eurythmic Designs, Rite-Print-Pak, Mumbai- 400 013. E-mail : info@Eurythmicdesigns.com • Editor : Indira Doctor*